પ્રભા કીર્તિ કાંતિ, ધન વૈભવ સર્વસ્વ જનના, નમું છું, વંદું છું, વિમળમુખ સ્વામી જગતના

**નવા કેસ**


| | |
|---|---|
| રાજ્ય | ૧૧૭૫ |
| અમદાવાદ | ૧૭૨ |
| ગાંધીનગર | ૨૧ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૬૧ — ૨૧ ઓગસ્ટ, ૨૦૨૦, શુક્રવાર; ભાદરવા સુદ - ૩ — પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# રાજ્યમાં બિનખેડૂત ખેતીની જમીન ખરીદી શકશે



**શૈક્ષણિક હેતુ માટે ખેતીની જમીન ખરીદવા કલેક્ટરની પૂર્વ મંજૂરી નહીં લેવી પડે : સરકારનો મહત્વનો નિર્ણય : દેવા વસુલી મારફતે થતી હરાજીમાં જમીન ખરીદનારે જંત્રીના ૧૦ ટકા પ્રિમિયમ ભરવું પડશે, ઔદ્યોગિક હેતુનો ઉપયોગ શક્ય ન હોય તેવા કિસ્સામાં અન્ય હેતુ માટે જમીન વેચી શકાશે**

ગાંધીનગર,તા.૧૯

ગુજરાત સરકારે આજે જમીન ખરીદી અંગે ગણોત કાયદાઓમાં મહત્વપૂર્ણ મહેસૂલી સુધારો કર્યો છે. રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય મંત્રીમંડળના નિર્ણય મુજબ સમગ્ર રાજ્યમાં હવે, કૃષિ યુનિવર્સિટી, પશુપાલન યુનિવર્સિટી, મેડિકલ કોલેજ, ઈજનેરી કોલેજ કે અન્ય શૈક્ષણિક હેતુસર ખેતીની જમીન ખરીદવા માટે જિલ્લા કલેકટરની પૂર્વ પરવાનગી કે મંજૂરી નહિં લેવી પડે. આવી જમીનની ખરીદી કર્યા બાદ એક મહિનામાં જિલ્લા કલેકટરને જાણ કરી બોનાફાઈડ ઈન્ડસ્ટ્રીયલ પર્પઝની જેમ જ જરૂરી પ્રમાણપત્રો મેળવીને નિયત સમયમાં પ્રોજેકટ કામગીરી શરૂ કરી શકાશે.

ભૂતકાળમાં આવી જમીન ખરીદી માટે બિન ખેડૂત સંસ્થાઓ કે વ્યક્તિઓ એ જિલ્લા કલેકટર પાસે મંજૂરી મેળવવાનું આવશ્યક હોવાના પરિણામે લાંબા સમય સુધી ટાઈટલ કિલયરન્સ, ઈન્સપેકશન વગેરેમાં જતો સમય અને પ્રોજેકટ શરૂ કરવામાં થતા વિલંબની સમસ્યાનો હવે આ નવી વ્યવસ્થામાં અંત આવશે.

રાજ્યમાં બોનાફાઈડ ઈન્ડસ્ટ્રિયલ પર્પઝ માટે જો જમીન ખરીદી હોય, પરંતુ ઔદ્યોગિક હેતુનો ઉપયોગ શક્ય ન હોય તેવા કિસ્સામાં જીડીસીઆરની જોગવાઈઓ મુજબ ઊદ્યોગ સિવાયના અન્ય હેતુ માટે પણ જમીન વેચી શકાશે. આ પ્રકારની જમીનોના કિસ્સામાં કંપનીના મર્જર, જોઈન્ટ વેન્ચર, એમાલગ્મેશન(એકીકરણ) કે પોતાની જ પેટા કંપની, ગ્રૂપ કંપની અથવા સહયોગી કંપનીને તબદીલ કરાયેલ જમીન વેચાણ ગણવામાં આવશે નહિં.

● અનુસંધાન પાન-૭ પર

# સ્વચ્છતા સર્વેક્ષણમાં સુરત બીજા ક્રમે

**દેશમાં ઈન્દોર પ્રથમ સ્થાને : સ્વચ્છતા સર્વેમાં સુરતની મોટી છલાંગ ૧૪મા સ્થાનેથી બીજા સ્થાને પહોંચ્યુ : નવી મુંબઇ ત્રીજા, વિજયવાડા ચોથા, અમદાવાદ પાંચમા, રાજકોટ ૬ઠ્ઠા, વડોદરા ૧૦મા સ્થાને : વડાપ્રધાને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૦ના પરિણામો જાહેર કર્યા**




ન્યુ દિલ્હી,તા.૧૯

કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલયે સ્વચ્છતા સિટી સર્વે રિપોર્ટની જાહેરાત કરી છે. સતત ચોથા વર્ષે ઈન્દૌર, દેશનું સૌથી સ્વચ્છ શહેર બન્યું છે. બીજા નંબર પર ગુજરાતનું સુરત અને ત્રીજા નંબરે નવી મુંબઈનો સમાવેશ થાય છે. કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી હરદીપ સિંહ પુરીએ ઈન્દૌરના લોકોનો આભાર માન્યો છે.

બીજી બાજુ એક લાખથી વધુની કેટગરીમાં સુરત બીજા ક્રમે આવ્યું છે. અગાઉ ૧૪માં ક્રમેથી સુરત આ વર્ષે બીજા ક્રમે પહોંચ્યું છે. હરદીપ પુરીએ સુરત માટે સીએમ વિજય રૂપાણીની પ્રશંસા કરી હતી, જ્યારે નવી મુંબઈની સફળતા માટે સીએમ ઉદ્ધવ ઠાકરેને શુભેચ્છા પાઠવી હતી.

મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા જાહેર કરવામાં આવેલા સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૦ના પરિણામમાં ઈન્દૌર ફરી પ્રથમ ક્રમે રહ્યું છે. કુલ ૬૦૦૦ માર્કસમાંથી ઈન્દૌરને ૫૬૪૭.૫૬ માર્કસ મળ્યા છે. જ્યારે સુરત ૫૫૧૯.૫૯ માર્કસ સાથે દેશભરમાં બીજા ક્રમે રહ્યું છે.સુરતને આ માર્કસમાં સર્ટિફિકેશન, સર્વિસ લેવલ પ્રોગ્રેસ, ડાયરેક્ટ ઓબ્ઝર્વેશન, સિટીઝન ફિડબેકના આધારે આપવામાં આવ્યાં છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણની પાંચમી આવૃતિ 'સ્વચ્છ સર્વેક્ષણ –

● અનુસંધાન પાન-૭ પર

## સરહદે તણાવ વચ્ચે ચીનના સાત એરબેઝ ઉપર ભારતની ચાંપતી નજર

ન્યુ દિલ્હી,તા.૧૯

સીમા વિવાદને લઈને ભારત અને ચીનની વચ્ચે ચાલી રહેલા વિવાદમા હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. ભારતીય એજન્સીઓ LAC પર ચીનની વાયુસેનાની ગતિવિધિઓ પર નજીકથી નજર રાખી રહ્યુ છે. ભારતીય દળ કોઈ પણ મુશ્કેલ સ્થિતિનો જવાબ આપવા માટે તૈયાર છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર સેના શિનજિયાંગ અને તિબ્બટ ક્ષેત્રમા ચીનની વાયુ સેનાના હોતાન, ગર ગુંસા, કાશગાર, હોપિંગ, કોંકા જાંગ, લિંઝી અને પંગત એરબેઝ પર નજીકથી નજર રાખી રહ્યુ છે. આ તમામ એરબેઝ વર્તમાનમાં ઘણા સક્રિય છે.

ચીનની વાયુ સેના આ એરબેઝને સારી સ્થિતિમા બનાવવાનુ કામ કરી રહી છે. ત્યાં મજબૂત શેલ્ટર બનાવવામા આવ્યા છે. રનવેની લંબાઈ વધારવામા આવી છે અને કેટલાય કામને પૂર્ણ કરવા માટે સૈનિક દળને તૈનાત કરવામા આવ્યા છે.

ઉત્તર-પૂર્વી રાજ્યોની સામે આવેલી લિંઝી એરબેઝ ખાસ હેલિકોપ્ટર બેઝ છે પરંતુ ચીનએ અહિંયાથી ભારતીય રાજ્યો પર પોતાની નજર રાખવા માટે આ હેલિપેડ નેટવર્ક તૈયાર કર્યુ છે.

ચીનની વાયુસેનાએ લદ્દાખ સેક્ટરની પાસે સુખોઈ-૩૦ના ચીની હથિયારો અને જે-સિરીઝએ લડાકુ વિમાનનો પણ સમાવેશ થાય છે. જો કે, ભારતીય એજન્સીઓ સેટેલાઈટ અને બીજા માધ્યમોએ આના પર ખાસ અને સતત નજર રાખી રહ્યા છે. ચીનની તરફથી સૈન્ય ગતિવિધિઓને વધવાના જવાબમા ભારતે પણ આ સ્થાનો પર પોતાની સ્થિતિ મજબૂત કરી છે. ભારતએ પોતાના સુખોઈ-૩૦ એમકેઆઈ, મિગ-૨૯ અને મિરાજ-૨૦૦૦ ફાઈટર પ્લેન કોઈ પણ પરિસ્થિતિથી લડવા માટે પોતાના ફોરવર્ડ એરબેઝ પર તૈનાત કર્યા છે.

## છેલ્લે... છેલ્લે...

- કેન્દ્રના જળસંશાધન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત કોરોનાથી સંક્રમિત
- ભાજપના નેતા ગોરધન ઝડફીયાની કથિત હત્યાના આરોપસર પકડાયેલ શાર્પ શુટર ઈરફાન કોરોનાથી સંક્રમિત
- પ્રધાનમંત્રીએ મહેન્દ્ર ધોનીને પત્ર લખીને બિરદાવ્યા
- રામ મંદિરના નિર્માણમાં લોખંડનો ઉપયોગ નહીં કરાય : ટ્રસ્ટ
- પિતાની હિંમતને સલામ! ૧૦૬ કિમી સાયકલ ચલાવીને દીકરાને પરીક્ષા કેન્દ્ર પહોંચાડ્યો
- Gmailનું સર્વર ડાઉન, ભારત સહિત ૧૧ દેશોમાં ઈમેલ સર્વિસ ખોરવાઈ

# દેશમાં ૨૪ કલાકમાં વિક્રમી ૬૯૬૫૨ નવા ચેપગ્રસ્તો

**૯૭૭ દર્દીનાં મોત : મહામારીના કુલ કેસોનો આંકડો વધીને ૨૮ લાખને પાર ગયો: ભારતભરમાં બીમારીમાંથી સાજા થનારાની સંખ્યા વધીને ૨૦,૯૬,૬૬૪ થઈ ગઈ**

નવી દિલ્હી, તા. ૨૦

ભારતમાં કોરોના વાયરસની સ્થિતિ વધુને વધુ ગંભીર બની રહી છે. રોજેરોજ નોંધનારા કેસોમાં તેજીથી વધારો થઈ રહ્યો છે. ગુરુવારે સવારે સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં ચેપગ્રસ્તોની નવી સંખ્યા ૬૯,૬૫૨ વધી છે. આ સાથે અત્યાર સુધીમાં કુલ ચેપગ્રસ્તોની સંખ્યા વધીને ૨૮,૩૬,૯૨૫ થઈ છે. આ દરમિયાન ૨૪ કલાકમાં ૯૭૭ લોકોનાં મોત થયાં છે. કુલ મૃતકોની સંખ્યા ૫૩,૮૬૬ થઈ ગઈ છે. બીમારીમાંથી સાજા થનારાની સંખ્યા વધીને ૨૦,૯૬,૬૬૪ થઈ ગઈ છે.

મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં રેકોર્ડ ૧૩ હજાર ૧૬૫ કેસ નોંધાયા છે. ૯૦૧૧ દર્દીઓ રિકવર થયા અને ૩૪૬ લોકોનો આ રોગે ભોગ લીધો છે. ૮મી ઓગસ્ટે ૧૨ હજાર ૮૨૨ કેસ નોંધાયા હતા. ચેપગ્રસ્ત અને નવા દર્દીઓની કુલ સંખ્યાના સંદર્ભમાં પુણેએ મુંબઈને પાછળ છોડી દીધું છે. બુધવારે મહત્તમ ૨ હજાર ૬૮૮ કેસ આવ્યા હતા. અહીં સંક્રમિતોની કુલ સંખ્યા વધીને ૧.૩૭ લાખ થઈ છે. બીજી તરફ, મુંબઈમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૩૨ નવા કેસ નોંધાયા છે,

● અનુસંધાન પાન-૭ પર

## જૈશના ત્રણ કુખ્યાત આતંકીઓ ભારતમાં ઘૂસ્યાની આશંકા : એલર્ટ

ન્યુ દિલ્હી,તા.૧૯

પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈના ઈશારે જૈશ-એ-મોહમ્મદના ત્રણ કુખ્યાત આતંકવાદીઓ મોટા પ્લના સાથે ભારતમાં પ્રવેશ્યા છે. આ ત્રણેય પાકિસ્તાની જણાવાયા છે અને તેના નિશાના પર વીઆઈપી અને દિલ્હી છે. પાકિસ્તાન તેની નકારાત્મક વિરોધી વાતથી પીછેહઠ કરવાનું નામ નથી લઈ રહ્યો. ગુપ્તચર એજન્સીઓને મળેલી માહિતી અનુસાર, પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈએ ભારતમાં તબાહી મચાવવાનો એક મોટો પ્લાન બનાવ્યો છે અને આ પ્લાન મુજબ આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકવાદીઓ ભારતમાં ઘૂસ્યા છે. ગુપ્તચર રિપોર્ટ મુજબ તેના નામ છે ગુલ જાન, રહેવાસી પખ્તુનખા, જુમ્મા ખાન રહેવાસી ઉત્તર વજીરિસ્તાન, શકીલ અહેમદ રહેવાસી બહવલપુર પાકિસ્તાન.





